પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : THURSDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. ગાંધીનગરમાં વિધાનસભા ખાતે આજે બંધારણ દિવસની ઉજવણી કરાશે.
2. સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ દ્વારા આજે મુખ્યમંત્રી નાગરિકોની ફરિયાદોનું નિવારણ કરશે.
3. વેરો નહીં ભરનાર જેટકોના એક સબસ્ટેશનને જામનગરની મહાનગર પાલિકાએ સીલ કર્યું.
4. દિવાળી વેકેશન બાદ આજથી શાળાઓનુ બીજુ શૈક્ષણિક સત્ર શરૂ.
5. અમદાવાદમાં હેરિટેજ વિકની ઉજવણીમાં 10 હજારથી વધુ લોકોએ ભાગ લીધો.
6. પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી-ફાઇનલમાં આજે ભારત-Aનો મુકાબલો શ્રીલંકા-A સામે.

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

GANDHINGAR SAMVIDHAN DIWAS

ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં આજે બંધારણ દિવસની ઉજવણી કરાશે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય બંધારણના ઘડવૈયાઓના યોગદાનનું સ્મરણ કરી બંધારણમાં નિહિત ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના મૂલ્યો તથા લોકશાહી પરંપરાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ સુદ્રઢ કરવાનો છે.

આ કાર્યક્રમનો પ્રારંભ વિધાનસભા સચિવાલયના પોડિયમ ખાતે બંધારણ પૂજનથી કરવામાં આવશે. ત્યારબાદ શાસક પક્ષના ખંડ ખાતે વિવિધ લો કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તેમને ફાળવવામાં આવેલા વિષયો પર ચર્ચા-પરિસંવાદ કરશે.

CM PATEL SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે આ મહિનાનો રાજ્ય સ્વાગત ઑનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. સત્તાવાર યાદી મુજબ, લોકો આ કાર્યક્રમ માટેની રજૂઆતો આજે સવારે આઠથી 11 વાગ્યા દરમિયાન ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ બેમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને લોકોની રજૂઆતો સાંભળશે.

POST EXPORTER SEMINAR

ભારત સરકારના સંચાર મંત્રાલય હેઠળના ટપાલ વિભાગના ગુજરાત સર્કલ દ્વારા અમદાવાદ એક્સપોર્ટર મીટ કમ બિઝનેસ રિવ્યૂ ઓફ ઇન્ટરનેશનલ મેલ્સ કાર્યક્રમ યોજાયો હતો.

આ બેઠકમાં નિકાસકારોના પ્રતિનિધિઓ દ્વારા ગુજરાતના નાના ઉદ્યોગકારો અને કારીગરોની પ્રોડક્ટ્સને સીધી આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડવા તથા લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા માટે અનેક રચનાત્મક સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં ડિસ્ટ્રિક્ટ હબ અને પોસ્ટ વિભાગનું સંકલન, ઈ-કોમર્સ એક્સપોર્ટ હબ અને વેરહાઉસિંગ સુવિધા, અમદાવાદ એરપોર્ટ નજીક કાર્ગો અને વેરહાઉસિંગની જરૂરિયાત જેવા મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હોવાનું પોસ્ટ વિભાગના ગુજરાત સર્કલના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ સાવલેશ્કરે જણાવ્યું હતું.

BYTE- GANESH SAVLESHKAR, CHIEF POSTMASTER GENERAL, GUJARAT CIRCLE

JAMNAGAR JETCO

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશને બાકી રહેલા મિલકત વેરા અને પાણીના ચાર્જમાં **414** કરોડની વસૂલાત ઝુંબેશને વધુ સઘન બનાવી છે.

સાત લાખ કરતાં વધુની બાકી વેરાની રકમ ન ચૂકવવા બદલ **GETCO 66 KV** સબસ્ટેશન સ્ટોર અને વેરહાઉસને મહાનગર પાલિકાની ટેક્સ શાખાએ સીલ કરી દીધુ હોવાની માહિતી સહાયક કમિશનર (કર) જિજ્ઞેશ નિર્મલે આપી હતી.

BYTE – JIGNESH NIRMAL, ASSISTANT INFORMATION COMMISSIONER (TAX) JAMNAGAR

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે.

લોકો ટૉલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે. તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઓપન ફોરમ દ્વારા ઑનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે.

ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકશે. આ સૂચનો મોકલવાનો આવતીકાલ અંતિમ દિવસ છે.

CRIME BRANCH ARREST

પોલીસ કર્મચારીઓ સામેની વિભાગીય ફરિયાદનું સમાધાન કરવાનું ખોટું વચન આપીને 50 લાખ રૂપિયાની છેતરપિંડી કરવાના આરોપમાં ક્રાઈમ બ્રાન્ચે પિતા-પુત્રની ધરપકડ કરી છે.

વચન પૂરું કરવામાં નિષ્ફળ ગયા બાદ આરોપીએ વધારાના 10 લાખ રૂપિયાની માંગણી કરી હતી અને કર્મચારીઓ સામે કેસ દાખલ કરવાની ધમકી આપી હોવાની માહિતી એસીપી એસ.એસ. નિનામાએ આપી હતી.

BYTE- S. S. NINAMA, ACP, AHMEDABAD CITY

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

EDUCATIONAL SECOND TERM

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંકળાયેલી એકથી 12 ધોરણની શાળાઓમાં આજથી દિવાળીના 21 દિવસના વેકેશન બાદ ફરીવાર શિક્ષણ કાર્ય શરૂ થશે. આ સાથે જ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં પણ વેકેશન બાદ દ્વિતીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરવામાં આવશે.

જોકે, કોલેજોમાં નવુ સત્ર ડિસેમ્બરમાં શરૂ કરવામાં આવશે. શાળા કોલેજોનું બીજુ શૈક્ષણિક સત્ર બીજી મે 2027 સુધી ચાલશે.

IIM PLACEMENT

અમદાવાદના IIM ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ અને એમબીએના કોર્ષ માટે 414 વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે. વર્ષ 2026-28 બેચના વિદ્યાર્થીઓની પ્લેસમેન્ટની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. આ પ્રક્રિયામાં નવી 50થી વધુ સહિત અલગ અલગ 150 કરતાં વધુ કંપનીઓએ ભાગ લીધો હતો.

જુદાં જુદાં 27 ક્ષેત્રની કંપનીઓમાંથી સૌથી વધુ 46 ટકા જેટલુ પ્લેસમેન્ટ કન્સલ્ટીંગ ક્ષેત્રમાં થયુ હતું.

ARVALLI DANG BUS SEVA

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પાંચ નવી એસટી બસોનું મંત્રી પી.સી. બરંડાએ લોકાર્પણ કર્યું. અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણે વધુ માહિતી આપી.

VOICE CAST: ANKIT CHAUHAN, ARVALLI

તો ડાંગના આહવા ખાતે ધારાસભ્ય વિજય પટેલે નવી બે બસનું લોકાર્પણ કર્યું. આ બસ સેવા આદિજાતિ વિસ્તારોના લોકો માટે શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને અન્ય આવશ્યક સેવાઓ સુધીની પહોંચને વધુ સરળ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

નવી બસોના પ્રારંભથી જિલ્લાના અંતરિયાળ ગામોના મુસાફરોને સુરક્ષિત, આરામદાયક અને સમયસર પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે.

PANCHMAHAL FOOD CHECKING

પંચમહાલ જિલ્લામાં હાઈવે પર આવેલી હોટેલો અને રેસ્ટોરાંઓમાં ખાદ્ય સુરક્ષા જાળવવા વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે અત્યાર સુધીમાં આઠ પેઢીઓની તપાસ કરી છે. તપાસ દરમિયાન જરૂરી ફૂડ લાયસન્સ કે રજિસ્ટ્રેશન ન ધરાવતી ગોધરાના એક કેફેને બંધ કરાવવામાં આવ્યો છે, જ્યારે વિવિધ પેઢીઓમાંથી ખાદ્ય સામગ્રીના 13 નમૂના લઈ સરકારી પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

મુસાફરોને શુદ્ધ અને સુરક્ષિત ખોરાક મળી રહે તે માટે આ તપાસ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે તેમ તંત્ર દ્વારા જણાવાયું છે.

GODHRA TABLE TENNIS

ગોધરામાં પશ્ચિમ ઝોન આંતર યુનિવર્સિટી પુરુષ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. ચાર દિવસ સુધી યોજાનાર આ ટૂર્નામેન્ટમાં પાંચ રાજ્યોની **112** યુનિવર્સિટીઓના **600** ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

ગોધરાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિતે વધુ માહિતી આપી.

VOICE CAST: VIPUL PUROHIT

WORLD HERITAGE WEEK-2026

અમદાવાદમાં 19 થી 25 નવેમ્બર દરમિયાન 'વર્લ્ડ હેરિટેજ વીક-2026'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ સંસ્થાઓ, કલાકારો અને હેરિટેજ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો.

એક સપ્તાહ દરમ્યાન 10 હજારથી વધુ લોકો આ હેરિટેજ વીકની ઉજવણીમાં જોડાયા હતા. ઇસનપુર ખાતે આવેલ જેઠાભાઇની વાવ, પાંચકુવા પાસે આવેલ અમૃત વર્ષીની વાવ અને અસારવા ખાતે આવેલ દાદા હરિની વાવ ખાતે વિવિધ કાર્યક્રમમાં લોકો જોડાયાં હતાં.

MEN'S ASIA CUP RISING STARS CRICKET

પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી-ફાઇનલમાં આજે ભારત-Aનો મુકાબલો શ્રીલંકા-A સામે થશે. આ મેચ દોહામાં ભારતીય સમય મુજબ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ તિલક વર્માની કેપ્ટનશીપમાં રમી રહી છે.

અગાઉ ભારતે UAEને સાત વિકેટે હરાવી સેમી-ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જેમાં વૈભવ સૂર્યવંશીએ માત્ર 53 બોલમાં 204 રન ફટકાર્યા હતા.

ANGDAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એક અઠવાડિયાના ટૂંકા ગાળામાં બીજું અને ગુપ્તદાન સ્વરૂપે કુલ 263મું અંગદાન સંપન્ન થયું છે. માર્ગ અકસ્માતમાં બ્રેઈનડેડ જાહેર કરાયેલા અમદાવાદના 65 વર્ષીય પુરુષનાં પત્નીએ અંગદાનની સંમતિ આપી હતી.

તેમના અંગદાનથી એક લીવર અને બે કિડનીનું દાન મળ્યું છે, જેના થકી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવનની અમૂલ્ય ભેટ મળશે.

PANCHMAHAL SANVAAD

પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાએ મોરવા (હડફ) તાલુકાના માતરિયા વેજમા અને નસીરપુર ગામની મુલાકાત લઈ વિવિધ સુવિધાઓ અને સેવાઓની સ્થળ પર સમીક્ષા કરી હતી. આ દરમિયાન શિક્ષણ, આરોગ્ય, પોષણ, પીવાનું પાણી, રાશન સહિતની વ્યવસ્થાઓ અંગે કર્મચારીઓ અને ગ્રામજનો પાસેથી જરૂરી માહિતી મેળવી.

કલેકટરે તેમની રજૂઆતો સાંભળી પ્રશ્નો અને સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે અધિકારીઓને સૂચનાઓ આપી.

IFFI GOA GUJARATI FILM LALO

અંકિત ભૂપત સખિયા દ્વારા દિગ્દર્શિત 2025ની ગુજરાતી આધ્યાત્મિક નાટ્ય ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે' ગોવામાં 57મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના ઇન્ડિયન પેનોરમા વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.